MODERN APPROACH

UPSC, GPSC, GPSSB, GSSSB, CCE, PSI-કોન્સ્ટેબલ, Banking (IBPS), SSC, રેલવે, TET/TAT વગેરે.........

તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

NEW EDITION

# REASONING

AND

# DATA INTERPRETATION

5000+ પ્રશ્નોની મહાપ્રેક્ટિસ

VERBAL

NON VERBAL

LOGICAL

1000+ SOLVED EXAMPLES

દરેક ચેપ્ટરમાં તમામ પ્રકારના પ્રશ્નોની પેટર્નનો સમાવેશ

SSC અને બેન્કિંગના પૂછાયેલા પ્રશ્નોનો સમાવેશ



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

UPSC, GPSC, GPSSB, GSSSB, CCE, PSI-કોન્સ્ટેબલ,
Banking (IBPS), SSC, રેલવે, TET/TAT વગેરે.........
તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

# REASONING

AND

# DATA INTERPRETATION




: પ્રકાશક :

ICE

INSTITUTE FOR COMPETITIVE EXAMS

SADGURU COMPLEX, 2ND FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001. CALL : 9375701110 / 9328001110

પુસ્તકનું નામ : **Reasoning & Data Interpretation**

સંપાદક : મૌલિક ગોંધિયા (Director - ICE)

કિંમત : 760/-

પ્રકાશક : ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
SHREE SADGURU SHOPPING CENTRE
2nd FLOOR, Nr. AKSHAR MANDIR,
OPP. TIRUPATI PETROL PUMP
KALAWAD ROAD, RAJKOT-360001

લેખક : ગૌરવ દાણીધારીયા

ટાઈપિંગ &
ડિઝાઈનિંગ : સંજયભાઈ ચૌહાણ

© All rights are reserved by the publishers.

No part of this publication may be reproduced or distributed in any form or by any means, electronic, mechanical, photocopying, recording, or otherwise or stored in a database or retrieval system without the prior written permission of the publisher.

**Disclaimer**

Information contained in this work has been obtained by the publisher, from various sources that are believed to be reliable. However, neither the publisher nor its authors guarantee the accuracy or completeness of any information nor its authors shall be liable for any errors, omissions or damages arising out of use of this information.This work is published with the understanding that the publisher and its authors are supplying information but are not attempting to render any professional services. If such services are required, the assistance of an appropriate professional should be sought. Only the courts of Rajkot shall have the jurisdiction for any legal dispute.

ખાસ નોંધ : આ પુસ્તકમાં આપવામાં આવેલી તમામ માહિતી સાચી અને ઓથેન્ટિક હોય એ માટે અમે પૂરતી કાળજી રાખી છે. તેમ છતાં પ્રિન્ટિંગ, મુદ્રણ, માનવીય ભૂલ કે પછી કોઈ અગમ્ય કારણોસર તેમાં કોઈ ભૂલ કે ક્ષતિ રહી ગઈ હોય તો એ માટે સંપાદક, પ્રકાશક કે તેના કોઈ કર્મચારીઓ જવાબદાર રહેશે નહિ. આ ઉપરાંત આ પુસ્તકમાં દરેક વ્યક્તિ, જાતિ, જ્ઞાતિ, સમાજ કે ધર્મનું માન-સન્માન જળવાઈ રહે એની પણ પૂરતી કાળજી રાખવામાં આવી છે. તેમ છતાં એમાં કોઈ ભૂલ-ચૂક થઈ હોય તો એ અંગે ક્ષમા પ્રાર્થીએ છીએ.

કોઈપણ પરીક્ષામાં રિઝનિંગ એ રોકડિયા માર્ક્સ અપાવતો ખૂબ જ હાઈસ્કોરિંગ સબ્જેક્ટ છે. આથી, ગુજરાત સરકારની કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા માટે રિઝનિંગનો શ્રેષ્ઠ અભ્યાસ માત્ર આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય પણ છે.

આથી જ ગુજરાતના વિદ્યાર્થીઓની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ICE દ્વારા 'રિઝનિંગ'નું આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તકની મુખ્ય વિશેષતા એ છે કે, વિદ્યાર્થી મિત્રો ઘેર બેઠા જ રિઝનિંગનો તદ્દન સરળતાથી અભ્યાસ કરી શકે તે માટે આ પુસ્તકમાં રિઝનિંગના અઘરામાં અઘરા દાખલાને પણ તદ્દન સરળ રીતે સમજાવવામાં આવ્યા છે. આ ઉપરાંત રિઝનિંગના વિવિધ ટોપિકની પ્રેક્ટિસ માટે આ પુસ્તકમાં ઢગલાબંધ ઉદાહરણો પણ આપવામાં આવ્યા છે. રિઝનિંગના કયા પ્રકરણમાંથી કયા પ્રકારના પ્રશ્નો પૂછાઈ શકે તેમ છે તેનાથી વિદ્યાર્થીમિત્રો માહિતગાર થઈ શકે તે માટે આ પુસ્તકના દરેક પ્રકરણમાં અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ટાઈમ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને રિઝનિંગના વિવિધ ક્વેશ્ચન્સને સોલ્વ કરવા માટે આ પુસ્તકમાં શોર્ટકટ ટ્રિક્સનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. તેમજ માત્ર આ એક જ પુસ્તકમાં રિઝનિંગના પરીક્ષાલક્ષી અત્યંત અગત્યના લગભગ તમામ ટોપિકનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી માત્ર એક જ પુસ્તકથી રિઝનિંગનો શ્રેષ્ઠ અભ્યાસ થઈ શકે.

આ પુસ્તકના નિર્માણ અને લેખન કાર્ય બદલ શ્રી ગૌરવ દાણીધારીયા સરનો તેમજ આ પુસ્તકના ટાઈપિંગ અને ડિઝાઈનિંગ બદલ શ્રી સંજયભાઈ ચૌહાણનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

અને અંતે, ગુજરાત સરકારની આગામી તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થી મિત્રોને 'રિઝનિંગ'નું આ પુસ્તક અત્યંત ઉપયોગી સાબિત થશે એ જ આશા સાથે...

**ALL THE BEST......**

**DO YOUR BEST**

*Maulik Gondhiya*

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
રોમે રોમમાં સફળતાને ઝંખતા
અને
સફળતાના સ્વપ્નને સાકાર કરવાનો
દૃઢ ઈરાદો ધરાવતા
તથા
એ માટે પ્રચંડ પુરુષાર્થ કરનાર
વીર વિદ્યાર્થી મિત્રોને

# અર્પણ

# અનુક્રમણિકા

## 1 VERBAL REASONING


1. સમસંબંધ (Analogy) — 1
2. વર્ગીકરણ (Classification) — 10
3. શબ્દનો અર્થપૂર્ણ ક્રમ (Logical Arrangement of Words) — 15
4. શબ્દનિર્માણ - મૂળાક્ષરોની ગોઠવણી (Word Formation - Arrangement of Letters) — 18
5. સાંકેતો અને ઉકેલો (Coding and Decoding) — 30
6. લોહીના સંબંધ (Blood Relation) — 61
7. દિશા અને અંતર (Direction and Distance) — 86
8. ક્રમ કસોટી - પરિણામની તુલના (Ranking Test - Comparison of Dimension) — 117
9. બેઠક વ્યવસ્થા (Sitting Arrangement) — 132
10. ઘડિયાળ (Clock) — 151
11. કેલેન્ડર (Calendar) — 170
12. માહિતીની પર્યાપ્તતા (Data Sufficiency) — 192
13. શ્રેણી (Series) — 198
14. સંકેતો અને ચિહ્નો / ગાણિતિક ક્રિયાઓ (Mathemetical Operations) — 218
15. વલણો / લુપ્ત સંખ્યા શોધવી (trends / Find The Missing Number) — 228
16. અસમાનતા (Inequality) — 241
17. કૂટ પ્રશ્નો (Logical Questions) — 268
18. પઝલ / કોયડાઓ (Puzzle) — 273


## 2 NON VERBAL / VISUAL REASONING


1. આકૃતિ શ્રેણી (Figure Analogy) — 1
2. સમસંબંધ આકૃતિ (Figure Analogy) — 27
3. આકૃતિઓનું વર્ગીકરણ (Classification of Figures) — 43
4. આકૃતિ પૂર્તિ (Figure Completion) — 53


DEMO COPY

5 આકૃતિ નિર્માણ (Figure Formation) 69

6 અંતર્નિહિત આકૃતિ / છુપાયેલ આકૃતિ (Embedded Figures) 81

7 અરીસામાં પ્રતિબિંબ / દર્પણ પ્રતિબિંબ (Mirror Image) 104

8 પાણીમાં પ્રતિબિંબ / જળ પ્રતિબિંબ (Water Image) 119

9 પેપરને વાળવું અને કાપવું (Paper Folding and Cutting) 125

10 આકૃતિ આવ્યૂહ (Figure Matrix) 156

11 આકૃતિઓમાં બિંદુઓની સ્થિતિ (Dot Situation in Figures) 170

12 ઘન અને પાસો (Cube and Dice) 176

13 ભૌમિતિક આકૃતિની ગણતરી (Counting of Geometric Figures) 189


## 3 ANALYTICAL / LOGICAL REASONING


1 વેન આકૃતિઓ (Venn Diagram) 1

2 ન્યાય નિગમન (Syllogism) 16

3 નિવેદન અને નિષ્કર્ષ / તારણ (Statement and Conclusions) 40

4 નિવેદન અને તર્ક / દલીલ (Statement and Arguments) 48

5 નિવેદન અને ધારણાઓ / પૂર્વધારણાઓ (Statement and Assumptions) 57

6 નિવેદન અને કારણ (Assertion and Reason) 64

7 નિવેદન અને કાર્યવાહી / લેવાયેલા પગલાં (Statement and Courses of Action) 73


## 4 DATA INTERPRETATION (માહિતીનું અર્થઘટન)


1 સ્તંભ આલેખ આધારિત માહિતીનું અર્થઘટન (Data Interpretation by Bar Graph) 1

2 રેખા આલેખ આધારિત માહિતીનું અર્થઘટન (Data Interpretation by Line Graph) 13

3 પાઈ ચાર્ટ આધારિત માહિતીનું અર્થઘટન (Data Interpretation by Pie Charts) 21

4 કોષ્ટક આધારિત માહિતીનું અર્થઘટન (Data Interpretation by Table) 31

1

# VERBAL REASONING



# 01 સમસંબંધ (Analogy)

➤ સમસંબંધનો અર્થ સમાનતા, સમરૂપતા, સામ્યતા અને સરખાપણું ધરાવવું એવો થાય છે.

☞ સમસંબંધના પ્રશ્નમાં કોઈ એક સંબંધ દર્શાવતું જોડકું આપેલું હોય છે. તે સંબંધના આધારે બીજા જોડકાંમાં એક શબ્દ, સંખ્યા અથવા મૂળાક્ષર આપેલાં હોય છે અને તે પ્રથમ જોડકાંને આધારે, બીજા જોડકાંમાં સમાનતા ધરાવતો વિકલ્પ શોધવાનો હોય છે. જેમ કે,

ગોપાલ : રાજકોટ :: દૂધધારા : ?

(A) આણંદ (B) ભરૂચ

(C) મહેસાણા (D) ગાંધીનગર

☞ અહીં, પ્રશ્નમાં ગોપાલ અને રાજકોટ વચ્ચેનો સંબંધ ડેરી અને જિલ્લાનો છે માટે તેના જેવો જ સમસંબંધ દૂધધારા ડેરી અને ભરૂચનો છે. માટે જવાબ ભરૂચ થશે.

☞ સમસંબંધને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

1. શબ્દ સમસંબંધ (Word Analogy)
2. સંખ્યા સમસંબંધ (Number Analogy)
3. મૂળાક્ષર સમસંબંધ (Alphabet Analogy)
4. મિશ્ર સમસંબંધ (Mixed Analogy)

## પ્રકાર 1 શબ્દ સમસંબંધ (Word Analogy)

- શબ્દ સમસંબંધના પ્રશ્નોમાં આપેલા જોડકામાંથી સમાન સંબંધ કે ગુણધર્મ શોધી અને તેના જેવો સંબંધ કે ગુણધર્મ વિકલ્પોમાંથી શોધવાનો હોય છે.
- શબ્દોના સમસંબંધને નીચે આપેલા સંબંધોને આધારે વર્ગીકૃત કરવામાં આવે છે :

| શબ્દોનું સમસંબંધ આધારિત વર્ગીકરણ | |
|---|---|
| 1. | દેશ અને રાજધાની |
| 2. | દેશ અને રાષ્ટ્રીય રમત |
| 3. | રાજ્ય અને પાટનગર |
| 4. | કેન્દ્રશાસિત પ્રદેશ અને તેની રાજધાની |
| 5. | રોગ અને નિષ્ણાત |
| 6. | રાશિ, તેના એકમો અને સંજ્ઞા |
| 7. | વિજ્ઞાનના વિવિધ ઉપકરણો અને તેના ઉપયોગો |
| 8. | નદી અને શહેર |
| 9. | ડેરી અને શહેર |
| 10. | વૈજ્ઞાનિક શોધ અને શોધક |
| 11. | સાહિત્યકાર અને કૃતિ |
| 12. | દેશ અને ચલણી નાણું |
| 13. | સમાધિ સ્થળો અને વ્યક્તિ |
| 14. | વિજ્ઞાનની વિવિધ શાખાઓ અને તેનાં કાર્યો |
| 15. | વ્યક્તિ અને કામનું સ્થળ |
| 16. | પ્રાણી અને તેના સંતાન |
| 17. | અગત્યના દિવસો |
| 18. | પદાર્થ અને પદાર્થનો કાચો માલ |
| 19. | રમત અને રમતનું મેદાન |

## પ્રકાર 1

**ઉદાહરણ-01**

જો યુવાન એ વૃદ્ધાવસ્થા સાથે જે રીતે સંકળાયેલ છે, તે જ રીતે વિશાળ એ.........સાથે સંકળાયેલ છે.

(A) ટૂંકું (B) મોટું (C) સાંકડું (D) લાંબું

**જવાબ :** યુવાન અને વૃદ્ધાવસ્થા વિરોધી શબ્દ છે, તેમ વિશાળ અને સાંકડું એક બીજાના વિરોધી શબ્દ છે.

તેથી, જવાબ (C) થશે.

**ઉદાહરણ-02**

નારંગી અને છાલ જે રીતે સંકળાયેલા છે, તેવી રીતે દાંત સાથે.......... આવશે.

(A) દંતવલ્ક (B) સાંધો (C) લવિંગ (D) પેઢા

**જવાબ :** નારંગી છાલની અંદર હોય છે, તેમ દાંત એ દંતવલ્કમાં હોય છે.

તેથી, જવાબ (A) થશે.

**ઉદાહરણ-03**

ખુરશીનો ટેબલ સાથે જે સંબંધ છે, તે સોફાનો .............. સાથે છે ?

(A) ઓરડો (B) ટીપોય (C) ટેબલ (D) ખુરશી

**જવાબ :** જેમ ખુરશી–ટેલબની જોડી હોય છે, તેમ સોફા–ટીપોયની જોડી હોય છે.

તેથી, જવાબ (B) થશે.

DEMO COPY

## પ્રેક્ટિસ પ્રશ્નો

1. શ્વેતક્રાંતિ જેવી રીતે દૂધ ઉત્પાદનથી સંબંધિત છે. તે જ પ્રકારે પીળી ક્રાંતિ ......... થી સંબંધિત છે.
(A) બટેટા (B) મધ (C) તલ (D) ઈંડા

2. ઈંડા જેવી રીતે આમલેટથી સંબંધિત છે. તે જ પ્રકારે ધાતુ ......... થી સંબંધિત છે.
(A) અયસ્ક (B) લોઢુ
(C) સોનું (D) એલ્યુમિનિયમ

3. હૃદયનો જેવો સંબંધ કાર્ડિયોલોજી સાથે છે તેવો જ સંબંધ વૃક્કનો .........થી છે.
(A) ન્યુક્લિયર મેડિસિન (B) નેફ્રોલોજી
(C) ન્યૂરોલોજી (D) રૂમેટોલોજી

4. હૃદયરોગની વિશેષતાનો હૃદયથી જેવો સંબંધ છે તેવો જ સંબંધ સ્નાયુ રોગની વિશેષતાનો ......... થી છે.
(A) ફેફસા (B) દાંત (C) કાન (D) માથું

5. દ્રાક્ષનો ફળથી જેવો સંબંધ છે તેવો જ સંબંધ કાળા મરીનો ......... થી છે.
(A) મેવો (B) દાળ (C) અનાજ (D) મસાલા

6. ઘઉંનો બ્રેડથી જેવો સંબંધ છે તેવો જ સંબંધ શેરડીનો ......... થી છે.
(A) ઘાસ (B) ચટણી (C) ગોળ (D) [illegible]

7. ઈથોપિયાનો આફ્રિકાથી એ જ સંબંધ છે જે બ્રાઝિલનો ......... થી છે.
(A) બ્રાઝિલિયા (B) દક્ષિણ અમેરિકા
(C) આફ્રિકા (D) ઉત્તર અમેરિકા

8. ફોટોશોપનો સોફ્ટવેરથી એ જ સંબંધ છે જે ઓપ્ટિકલ માઉસનો ...........થી છે.
(A) ટચ સ્ક્રીન (B) હાર્ડવેર
(C) હાર્ડ ડિસ્ક (D) મેઈલવેર

9. પરિવારનો પાલન પોષણથી એ જ સંબંધ છે, જે વિદ્યાલયનો ......... થી છે.
(A) વિદ્યાર્થી (B) શિક્ષણ
(C) પાઠયક્રમ (D) માતા–પિતા

10. ચર્ચનો ખ્રિસ્તીઓથી એવો જ સંબંધ છે. જેવો સિનેગોગનો ......... થી સંબંધ છે.
(A) મુસલમાનો (B) યહૂદીઓ
(C) પારસીઓ (D) જૈનો

11. દૂધનો જે સંબંધ ડેરીથી છે તે જ સંબંધ બ્રેડનો ......... થી છે.
(A) અનાજ (B) પાંઉરોટલી
(C) બેકરી (D) કાર્બોહાઈડ્રેટ્સ

12. જે રીતે ભણાવવાનો સંબંધ વિદ્યાર્થી સાથે છે. તે જ પ્રકારે ઉપચારનો સંબંધ શેનાથી છે ?
(A) ડોક્ટર (B) રોગ (C) ઘાવ (D) દર્દી

13. પેન્સિલનો લખવાથી જે સંબંધ છે તો ચાકુનો શેનાથી છે ?
(A) છોલવું (B) ઘુસાવવું
(C) હુમલો કરવો (D) પીડા આપવી

14. સિપાહીનો સંબંધ સૈન્યથી જે રીતે છે. તેવો જ વિદ્યાર્થીનો ........ થી છે.
(A) શિક્ષણ (B) શિક્ષક (C) છાત્ર (D) વર્ગ

15. જે પ્રકારે ઘડિયાળનો સંબંધ સેકન્ડથી છે તે જ પ્રકારે કેલેન્ડરનો સંબંધ શેનાથી છે ?
(A) તિથિ (B) વર્ષ (C) મહિના (D) સમય

## જવાબ

1.(C) જે રીતે શ્વેતક્રાંતિ, દૂધના ઉત્પાદનમાં વૃદ્ધિથી સંબંધિત છે. તે જ પ્રકારે પીળીક્રાંતિ, તલના ઉત્પાદનમાં વૃદ્ધિથી સંબંધિત છે.

2.(A) જે રીતે ઈંડામાંથી આમલેટ બને છે તેવી જ રીતે અયસ્કમાંથી ધાતુ બને છે.

3.(B) જે રીતે કાર્ડિયોલોજી દ્વારા હૃદયનો અભ્યાસ કરી શકાય છે. તેવી જ રીતે નેફ્રોલોજી દ્વારા વૃક્કનો અભ્યાસ કરી શકાય છે.

4.(D) જે રીતે હૃદય રોગના તજજ્ઞો હૃદય રોગનો ઉપચાર કરે છે. તેવી જ રીતે સ્નાયુ રોગના તજજ્ઞો માથાના રોગનો ઉપચાર કરે છે.

5.(D) જે રીતે દ્રાક્ષ એક ફળ છે તેવી જ રીતે કાળા મરી એક મસાલો છે.

6.(C) જે રીતે ઘઉંના લોટથી બ્રેડ બને છે તેવી જ રીતે શેરડીના રસથી ગોળ બને છે.

7.(B) જેવી રીતે ઈથોપિયા, આફ્રિકા ખંડમાં આવેલો એક દેશ છે. તેવી જ રીતે બ્રાઝિલ, દક્ષિણ અમેરિકામાં આવેલો એક દેશ છે.

8.(B) ફોટોશોપ એક ફોટો એડિટિંગ ઈમેજ ક્રિએશન અને ગ્રાફિક ડિઝાઈન સોફ્ટવેર છે. તેવી જ રીતે ઓપ્ટિકલ માઉસ એક હાર્ડવેર ઈનપુટ ડિવાઈસ છે. જે લેસરનો ઉપયોગ કરે છે.

DEMO COPY

# 02 વર્ગીકરણ (Classification)

➤ વિવિધ વસ્તુઓ કે પદાર્થોને તેના સમાન ગુણધર્મો કે લાક્ષણિકતાઓને આધારે જુદા પાડવાની પ્રક્રિયાને વર્ગીકરણ કહે છે.

☞ અહીં વર્ગીકરણ પદાર્થ કે વસ્તુના આકાર, માપ, રંગ, ગુણધર્મો વગેરેને આધારે કરવામાં આવે છે.

☞ વર્ગીકરણના પ્રશ્નોમાં ચાર વિકલ્પો આપેલા હોય છે. અને દરેક વિકલ્પ ચોક્કસ સમૂહ, વર્ગ કે જૂથનો હોય છે, જે ચોક્કસ આકાર, ગુણધર્મ કે લાક્ષણિકતાઓ દ્વારા સમાનતા ધરાવતો હોય છે.

☞ આપેલા વિકલ્પોમાંથી એક વિકલ્પ અસમાન લાક્ષણિકતા ધરાવતો હોય છે. આ અસમાન લાક્ષણિકતા ધરાવતો વિકલ્પ જવાબ સ્વરૂપે શોધવાનો હોય છે.

વર્ગીકરણના નીચે મુજબના પ્રકારો પાડી શકાય છે.

1. શબ્દ વર્ગીકરણ (Word Classification)
2. મૂળાક્ષર વર્ગીકરણ (Alphabet Classification)
3. સંખ્યા વર્ગીકરણ (Number Classification)

## પ્રકાર 1 શબ્દ વર્ગીકરણ (Word Classification)

● શબ્દ વર્ગીકરણમાં ચાર શબ્દો વિકલ્પમાં આપેલા હોય છે તેમાંથી ત્રણ શબ્દો સમાન ગુણધર્મો કે લાક્ષણિકતા ધરાવતા હોય છે. જ્યારે અસમાન ગુણધર્મ/લાક્ષણિકતા ધરાવતો વિકલ્પ જવાબ બનશે.

**ઉદાહરણ-01**

નીચે આપેલ શબ્દો પૈકીનો કયો શબ્દ અન્ય શબ્દોથી અલગ પડે છે ?

(A) કોથમીર (B) ડુંગળી
(C) બીટ (D) બટાકા

જવાબ : કોથમીર સિવાય બાકીના બધા જમીનની અંદર ઉગે છે. તેથી, જવાબ (A) થશે.

**ઉદાહરણ-02**

નીચે આપેલ શબ્દો પૈકીનો કયો શબ્દ અન્ય શબ્દોથી અલગ પડે છે ?

(A) આયુર્વેદ (B) સામવેદ (C) ધનુર્વેદ (D) ગાંધર્વવેદ

જવાબ : સામવેદ મુખ્ય વેદ છે. બાકીના બધાનો ઉપવેદમાં સમાવેશ થાય છે. તેથી, જવાબ (B) થશે.

## પ્રેક્ટિસ પ્રશ્નો

નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ ત્રણ શબ્દો સમાન છે અને તેનું જૂથ બને છે. તો તેમાંથી કયો એવો શબ્દ છે જે પ્રથમ ત્રણથી અલગ પડે છે તે અલગ શબ્દને ઓળખીને લખો.

1. (A) સાપ (B) ચિત્તો (C) સિંહ (D) વાઘ
2. (A) કપાસ (B) સરસવ (C) વટાણા (D) તલ
3. (A) બહેન (B) ભત્રીજો (C) દીકરી (D) કાકી
4. (A) બદામ (B) ખજૂર (C) અખરોટ (D) કાજુ
5. (A) ચેન્નઈ (B) દમણ (C) રાયપુર (D) શિમલા
6. (A) બેડમિન્ટન (B) ટેબલ ટેનિસ (C) ક્રિકેટ (D) હોકી
7. (A) લુડો (B) શતરંજ (C) પોલો (D) કેરમ
8. (A) બેઝબોલ (B) ફૂટબોલ (C) હોકી (D) સ્નૂકર
9. (A) મોબાઈલ (B) કમ્પ્યુટર (C) ફાઉન્ટેન પેન (D) ટેલિવિઝન
10. (A) ખુરશી (B) બેન્ચ (C) પથારી (D) સોફા
11. (A) ચંદ્ર (B) મંગળ (C) શનિ (D) પ્લુટો
12. (A) સોનુ (B) ચાંદી (C) લોઢું (D) નિઓન
13. (A) ચોરસ (B) વર્તુળ (C) લંબચોરસ (D) ત્રિકોણ
14. (A) સમાજ (B) અર્થ (C) તાંત્રિક (D) શિક્ષણ
15. (A) કમળ (B) ગુલાબ (C) ટ્યુલિપ (D) ગલગોટો
16. (A) માર્ચ (B) ડિસેમ્બર (C) જુલાઈ (D) સપ્ટેમ્બર

## જવાબ

1-A સાપ સિવાયના અન્ય બધા જાનવર છે.
2-A કપાસ સિવાય અન્ય બધા ખાદ્યપાક છે.
3-B ભત્રીજા સિવાય અન્ય બધા સ્ત્રીલિંગ છે.
4-B ખજૂર સિવાય અન્ય બીજ છે. જ્યારે ખજૂર ફળ છે.
5-B દમણ સિવાય અન્ય બધા રાજ્યની રાજધાની છે.
6-A બેડમિન્ટન સિવાય અન્ય બધી રમત દડાથી રમાય છે.
7-C પોલો સિવાય અન્ય બધી ઈનડોર ગેમ છે. જ્યારે પોલો આઉટડોર ગેમ છે.
8-D સ્નૂકર સિવાય અન્ય આઉટડોર ગેમ છે.
9-C ફાઉન્ટેન પેન સિવાય અન્ય ઈલેક્ટ્રોનિક યંત્ર છે.
10-C પથારી સિવાય અન્ય બેસવાની વસ્તુ છે.
11-A ચંદ્ર સિવાય અન્ય બધા ગ્રહ છે.
12-D નિઓન સિવાય અન્ય વસ્તુ ધાતુ છે.
13-B વર્તુળ સિવાય અન્ય બધી સીધી રેખાથી બને છે.

DEMO COPY

**સમજૂતી :**

આપેલી આકૃતિ A, Z અને N ને ત્રણ બાજુ છે જ્યારે E ને 4 બાજુ છે. તેથી તે અલગ પડે છે.

2. નીચે આપેલા વિકલ્પો પૈકી કયો વિકલ્પ બાકીના વિકલ્પો સાથે બંધબેસતો નથી ? **(GPSC JCC, SWO, Class-1 & 2, 28-01-2018)**

(A) આયુર્વેદ (B) સામવેદ (C) ધનુર્વેદ (D) ગાંધર્વવેદ

**જવાબ : (B) સામવેદ**

**સમજૂતી :**

અહીં આયુર્વેદ, ધનુર્વેદ અને ગાંધર્વવેદ એ અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના ઉપવેદ છે. જ્યારે સામવેદ એ પોતે જ વેદ છે તેથી અન્યથી અલગ પડે છે.

3. નીચેની સંખ્યાઓ પૈકી કઈ સંખ્યા અન્ય સંખ્યાઓ સાથે સામ્યતા ધરાવતી નથી ?

25, 81, 125, 169, 289 **(GPSC Add. Dir., CDPO IPO, Class-1 & 2 04-11-2018)**

(A) 25 (B) 81 (C) 125 (D) 169

**જવાબ : (C) 125**

**સમજૂતી :**

અહીં આપેલ સંખ્યાઓ 25, 81, 169 અને 289 પૂર્ણવર્ગ છે. જ્યારે 125 એ પૂર્ણઘન છે. તેથી તે અલગ પડે છે.

4. નીચે આપેલા વિકલ્પો પૈકી કયો વિકલ્પ અન્ય વિકલ્પ સાથે બંધબેસતો નથી ?

**(GPSC Mech. Eng., DSSO, Class-2, [illegible]-01-2020)**

(A) પારો (B) કેરોસીન (C) પેટ્રોલ (D) એસિટોન

**જવાબ : (A) પારો**

**સમજૂતી :**

અહીં, કેરોસીન, પેટ્રોલ અને એસિટોન કાર્બનિક સંયોજનો છે, જ્યારે પારો પ્રવાહી ધાતુ છે.

5. નીચે પૈકી કયો વિકલ્પ બાકીના ત્રણ સાથે બંધબેસતો નથી ? શોધો. **(GPSC PI, 03-01-2021)**

(A) ફોબોસ (B) ટાઈટન (C) યુરોપા (D) સીરેસ

**જવાબ : (D) સીરેસ**

**સમજૂતી :**

અહીં, ફોબોસ, ટાઈટન અને યુરોપા ઉપગ્રહ છે જ્યારે સીરેસ લઘુગ્રહ હોવાથી અલગ પડે છે.

6. નીચે પૈકી કયો વિકલ્પ આપેલ અન્ય વિકલ્પો કરતા જુદો પડે છે ? **(GPSC A.O., 25-07-2021)**

(A) ટોકયો (B) શાંઘાઈ (C) હેનોઈ (D) સિયોલ

**જવાબ : (B) શાંઘાઈ**

**સમજૂતી :**

અહીં ટોકયો, હેનોઈ અને સિયોલ અનુક્રમે જાપાન, વિયેતનામ અને દક્ષિણ કોરિયાની રાજધાની છે, જ્યારે શાંઘાઈ ચીનનું એક શહેર છે. તેથી તે અલગ પડે છે.

7. આપેલા વિકલ્પો પૈકી અન્ય ત્રણ વિકલ્પો સાથે તાર્કિક રીતે બંધબેસતો ન હોય તેવો વિકલ્પ કયો છે ? **[Deputy General Manager (Leagal), Class-1 (GMDC), Dt.24-01-2021]**

(A) નારંગી (B) લીલો (C) કાળો (D) જાંબલી

**જવાબ : (C) કાળો**

**સમજૂતી :**

અહીં કાળો રંગ દરેક રંગોનું શોષણ કરે છે.

8. નીચે આપેલા વિકલ્પો પૈકી એક વિકલ્પ અન્ય ત્રણ કરતાં જુદો પડે છે. તે વિકલ્પ કયો હશે ?

**(GPSC Dy. SO, 16-10-2022)**

(A) રેડિયમ (B) સોડિયમ

(C) યુરેનિયમ (D) પોલોનિયમ

**જવાબ : (B) સોડિયમ**

**સમજૂતી :**

અહીં રેડિયમ, યુરેનિયમ અને પોલોનિયમ રેડિયો એક્ટિવ તત્ત્વો છે જ્યારે સોડિયમ રેડિયો એક્ટિવ તત્ત્વ નથી.

9. નીચેના પૈકી કઈ સંખ્યા યોગ્ય નથી ? **[Assistant Director (Training) / Principal, GujaratSkill Training Service Class-1, Ad. 32/2021-22, Dt. 22-01-2022]**

(A) 27 (B) 100 (C) 125 (D) 343

**જવાબ : (B) 100**

**સમજૂતી :**

$3^3 = 27$ $10^2 = 100$

$5^3 = 125$ $7^3 = 343$

અહીં, આપેલ સંખ્યાઓ 27, 125 અને 343 પૂર્ણઘન સંખ્યાઓ છે, જ્યારે 100 એ પૂર્ણવર્ગ છે તેથી તે અલગ પડે છે.

10. આપેલા વિકલ્પોમાંથી કયો એક અન્ય ત્રણ કરતાં અલગ છે ? **(GPSC Class-1 & 2, 08-01-2023)**

(A) BDW (B) GIQ (C) FHS (D) IKP

**જવાબ : (B) GIQ**

**સમજૂતી :**




અહીં આપેલા વિકલ્પમાં GIQ અલગ પડે છે.

# 04 શબ્દનિર્માણ - મૂળાક્ષરોની ગોઠવણી (Word Formation - Arrangement of Letters)

- ➤ આ પ્રકારના પ્રશ્નોમાં કેટલીક શરતો આપેલી હોય છે. તેને આધારે યોગ્ય જવાબ પસંદ કરવામાં આવે છે.
- ➤ આ પ્રકારના પ્રશ્નોમાં મોટાભાગે ઘટનાઓના સમયગાળાના ક્રમને આધારે ગોઠવણી, રોજબરોજ જોવા મળતી વસ્તુઓના યોગ્ય ક્રમ મુજબ ગોઠવણી, કોઈ ચોક્કસ સિદ્ધાંતોને આધારે ગોઠવણી, અંગ્રેજી ડિક્ષનરીના ક્રમ મુજબ ગોઠવણી કરવાથી ઝડપી ઉકેલ મેળવી શકાય છે.

## પ્રકાર 1 નવા શબ્દોની સંરચના

☞ આ પ્રકારના પ્રશ્નમાં, એક શબ્દ આપેલ હોય છે તથા તેને સંલગ્ન ચાર વિકલ્પ હોય છે. આપણે એ ચકાસવાનું હોય છે કે પ્રશ્નમાં આપેલ શબ્દના મૂળાક્ષરોનો ઉપયોગ કરીને વિકલ્પમાં આપેલા શબ્દો બની શકે છે કે નહીં.

☞ નીચે આપેલા પ્રશ્નોમાં ક્યો શબ્દ એ પ્રશ્નમાં આપેલા શબ્દના મૂળાક્ષરોનો ઉપયોગ કરીને બની શકતો નથી તે શબ્દ પસંદ કરો.

### ❮ ઉદાહરણ-01 ❯

કેટલીક વાર એક Word આપેલો હોય છે તેના અનુસંધાનમાં ચાર વિકલ્પો આપેલા હોય છે. આપેલા શબ્દમાંથી ચાર વિકલ્પ પૈકીનો કયો શબ્દ બને છે તે ચકાસવાનું હોય છે. જેમ કે...

LITERATURE શબ્દમાંથી નીચે આપેલ પૈકી કયો વિકલ્પ બને છે ?

(A) NATURE (B) TREAT

(C) RELAX (D) TENDER

**સમજૂતી :**

અહીં NATURE વિકલ્પમાં N મૂળાક્ષર LITERATURE શબ્દમાં નથી,

RELAX વિકલ્પમાં X મૂળાક્ષર LITERATURE શબ્દમાં નથી અને TENDER વિકલ્પમાં D મૂળાક્ષર LITERATURE શબ્દમાં નથી. જ્યારે TREAT વિકલ્પના બધા જ મૂળાક્ષર LITERATURE શબ્દમાં મળે છે. માટે, સાચો વિકલ્પ (B) TREAT થશે.

### ❮ ઉદાહરણ-02 ❯

કેટલીક વાર એક Word આપેલો હોય છે તેના અનુસંધાનમાં ચાર વિકલ્પો આપેલા હોય છે. આપેલા શબ્દમાંથી ચાર વિકલ્પ પૈકીનો કયો શબ્દ બનતો ન હોય તે ચકાસવાનું હોય છે. જેમ કે....

PROSPECTIVE શબ્દમાંથી નીચે આપેલ પૈકી કયો વિકલ્પ બનતો નથી.

(A) RESET (B) SPECTER

(C) PEPPER (D) VECTOR

**સમજૂતી :**

અહીં RESET, SPECTER અને VECTOR એ PROSPECTIVE શબ્દમાંથી બને છે.

PEPPER શબ્દમાં P ત્રણ વાર આવે છે જ્યારે PROSPECTIVE શબ્દમાં P બે જ વાર આવે છે.

માટે, PEPPER સિવાયના બધા વિકલ્પો આપેલ શબ્દમાંથી બને છે પરંતુ માત્ર PEPPER શબ્દ જ બનતો નથી.

માટે, સાચો વિકલ્પ (C) PEPPER થશે.

## પ્રકાર 2 મૂળાક્ષરો દૂર કરવાથી નવા શબ્દોની સંરચના

☞ આ પ્રકારના પ્રશ્નમાં, એક શબ્દ આપેલ હોય છે. આ શબ્દના અમુક મૂળાક્ષરોથી અથવા બધા જ મૂળાક્ષરોથી કેટલા અર્થપૂર્ણ શબ્દો બનાવી શકાય તે મેળવવાનું હોય છે.

☞ આ પ્રકારના પ્રશ્નમાં આપેલા અંગ્રેજી શબ્દોને ડિક્ષનરીના ક્રમ મુજબ ગોઠવવાના હોય છે.

### ❮ ઉદાહરણ-01 ❯

કેટલીક વાર અમુક શબ્દ આપેલા હોય છે કે જેમાંથી અમુક મૂળાક્ષર દૂર કરવાથી નવો શબ્દ બનતો હોય છે કે જે અર્થપૂર્ણ હોય છે. તે શબ્દને શોધીને તેને દૂર કરવામાં આવે છે. જેમ કે....

એવો અક્ષર જણાવો કે જેને FATE, WARE, ENOW,

DEMO COPY

# 05 સાંકેતો અને ઉકેલો
# (Coding and Decoding)

➤ 'Coding' શબ્દનો અર્થ થાય છે કે કોઈપણ માહિતીને કોઈ ચોક્કસ ગુપ્ત ભાષામાં રજૂ કરવી. જેથી આ માહિતી જેને મોકલવામાં આવે તેના સિવાય બીજા કોઈ ઉકેલી ન શકે. જ્યારે 'Decode' શબ્દનો અર્થ થાય છે ગુપ્ત ભાષામાં રજૂ કરેલ માહિતીને સમજીને તેનો સાચો અર્થ નક્કી કરવો. આ પ્રકરણમાં પૂછવામાં આવેલા દરેક પ્રશ્નો કોઈ એક ચોક્કસ નિયમનું અનુસરણ કરતા હશે. વિદ્યાર્થીઓએ એ ચોક્કસ નિયમ શોધી તેનો ઉકેલ મેળવવાનો હોય છે.

આ પ્રકરણમાં કુલ ચાર પ્રકારના પ્રશ્નો પૂછાય છે :

1. શબ્દની સંજ્ઞા શબ્દમાં હોય.
2. શબ્દની સંજ્ઞા નંબરમાં હોય.
3. શબ્દની સંજ્ઞા ચાઈનીઝ ભાષામાં હોય.
4. શબ્દને કોઈ નવા શબ્દ દ્વારા રજૂ કરવામાં આવે.

### મૂળાક્ષરોના શરૂના અને અંતના ક્રમ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શરૂના ક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| મૂળાક્ષરો | A | B | C | D | E | F | G |
| અંતના ક્રમ | 26 | 25 | 24 | 23 | 22 | 21 | 20 |
| મૂળાક્ષરો | Z | Y | X | W | V | U | T |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શરૂના ક્રમ | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| મૂળાક્ષરો | H | I | J | K | L | M |
| અંતના ક્રમ | 19 | 18 | 17 | 16 | 15 | 14 |
| મૂળાક્ષરો | S | R | Q | P | O | N |

## પ્રકાર 1 — શબ્દની સંજ્ઞા શબ્દમાં હોય

**ઉદાહરણ-01**

કોઈ એક સાંકેતિક ભાષામાં COUNTRY ને VPJLSQF દ્વારા લખવામાં આવે છે. તો તે જ ભાષામાં OUT ને કઈ રીતે લખી શકાય ?

(A) PJL (B) PJS (C) PVJ (D) PQS

**સમજૂતી : (B)**

ઉપર આપેલ પ્રશ્નમાં જે સ્થાન પર જે Letter છે તે જ સ્થાન પર સંજ્ઞામાં સંજ્ઞાનો Letter છે. તેથી OUT શબ્દના બધા જ Letter COUNTRY શબ્દમાં આવી જાય છે તેથી, જવાબ (B) થશે.

**ઉદાહરણ-02**

જો કોઈ એક સાંકેતિક ભાષામાં RAJKOT ને IZQPLG દ્વારા લખવામાં આવે છે તો તે જ ભાષામાં GUJARAT ને કઈ રીતે લખી શકાય ?

(A) TFZQIZG (B) TFIQZZG
(C) TFQZIZG (D) TQFZIZG

**સમજૂતી : (C)**







તેથી, જવાબ (C) થશે.

**ઉદાહરણ-03**

જો કોઈ એક સાંકેતિક ભાષામાં APRICOT ને GLXRIKZ દ્વારા લખવામાં આવે છે તો તે જ ભાષામાં ORANGE ને કઈ રીતે લખી શકાય ?

(A) VTNZHM (B) LIZMTV
(C) LHZMSV (D) VTMZIL

**સમજૂતી : (D)**

DEMO COPY

| શબ્દ | કોડ |
|---|---|
| what | de |
| was | mi |
| it | ra |
| you | nil |

| શબ્દ | કોડ |
|---|---|
| go | mo |
| take | pom |
| she | tok / fo |
| sick | tok / fo |

∴ what you take = de nil pom

**33.** એક સાંકેતિક ભાષામાં 'GENERAL' નો સંકેત 'FFMFQBK' હોય તો 'EFFECT' નો સંકેત કયો હશે ? (બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મિકેનિકલ ઈજનેર Class-2, Dt. 19/01/2020)

(A) DGEFBU (B) DFEGBU

(C) DGEFCR (D) આમાનું એકપણ નહી

**જવાબ : (A) DGEFBU**

**સમજૂતી :**

અહીં, મૂળાક્ષરોને -1,+1 કરી કોડિંગ કરેલ છે.

| G | E | N | E | R | A | L |
|---|---|---|---|---|---|---|
| -1 | +1 | -1 | +1 | -1 | +1 | -1 |
| F | F | M | F | Q | B | K |

તેવી જ રીતે,

| E | F | F | E | C | T |
|---|---|---|---|---|---|
| -1 | +1 | -1 | +1 | -1 | +1 |
| D | G | E | F | B | U |

∴ EFFECT નો કોડ DGEFBU થાય.

**34.** એક સાંકેતિક ભાષામાં 'SCHOOL'નો સંકેત '222112' હોય તો 'COLLEGE'નો સંકેત શું હશે ? (કાયદા અધિકારી Class-1, મદદનીશ નિયામક, સામાન્ય રાજ્ય સેવા, સરકારી છાપકામ અને સ્ટેશનરી, ઉદ્યોગો અને માઈન્સ Class-2, Dt. 02/02/2020)

(A) 222121 (B) 2122121

(C) 2122112 (D) 2121121

**જવાબ : (B) 2122121**

**સમજૂતી :**

અહીં, સ્વર = 1 અને વ્યંજન = 2 લેતાં,

| S | C | H | O | O | L |
|---|---|---|---|---|---|
| 2 | 2 | 2 | 1 | 1 | 2 |

તેવી જ રીતે,

| C | O | L | L | E | G | E |
|---|---|---|---|---|---|---|
| 2 | 1 | 2 | 2 | 1 | 2 | 1 |

∴ COLLEGE નો કોડ 2122121 થશે.

**35.** જો કોઈ કૂટ ભાષામાં CHAIR ને FKDLU લખાય તો NAME ને કેવી રીતે લખાય ? (નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ Class-1, Dt. 12/12/2020)

(A) QDHP (B) QDPH

(C) QPDH (D) QPHD

**જવાબ : (B) QDPH**

**સમજૂતી :** અહીં, મૂળાક્ષરોને +3 કરી કોડિંગ કરેલ છે.

| C | H | A | I | R |
|---|---|---|---|---|
| +3 | +3 | +3 | +3 | +3 |
| F | K | D | L | U |

→

| N | A | M | E |
|---|---|---|---|
| +3 | +3 | +3 | +3 |
| Q | D | P | H |

∴ NAME નો કોડ QDPH થશે.

**36.** એક સાંકેતિક ભાષામાં "GUJARAT" ને "8111119120" તરીકે લખવામાં આવે છે. તો તે ભાષામાં "DELHI" માટે કયો સંકેત હશે ? (વ્યવસ્થાપક Class-1, Dt. 17/11/2020)

(A) 5113[illegible] (B) 5114[illegible]1

(C) 511391 (D) આમાનું એકપણ નહી

**જવાબ : (C) 511391**

**સમજૂતી :**

અહીં, આપેલ શબ્દના દરેક મૂળાક્ષરોની આગળથી (A→Z) ક્રમ લઈ સ્વર = 1 લેતાં અને વ્યંજનના ક્રમમાં + 1 ઉમેરતાં, (નોંધ: આપેલ પ્રશ્નમાં શરત મુજબ T=20ના સ્થાને 21 આવશે.)

| G | U | J | A | R | A | T |
|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 11 | 1 | 19 | 1 | 21 |

તેવી જ રીતે,

| D | E | L | H | I |
|---|---|---|---|---|
| 5 | 1 | 13 | 9 | 1 |

∴ DELHI નો કોડ 511391 થશે.

**37.** એક બીજા ગ્રહ ઉપર પૃથ્વી, પાણી, પ્રકાશ, હવા અને આકાશને અનુક્રમે આકાશ, પ્રકાશ, હવા, પાણી અને પૃથ્વી તરીકે ઓળખવામાં આવે છે. કોઈ માણસને તરસ લાગી છે તો બીજા ગ્રહ ઉપર શાની માંગણી કરશે જેથી તેની તરસ શાંત થાય ? (સેક્શન અધિકારી (કાયદા વિષયક), વર્ગ–૨, Dt. 06-12-2020)

(A) પૃથ્વી (B) આકાશ (C) પ્રકાશ (D) હવા

**જવાબ : (C) પ્રકાશ**

**સમજૂતી :**

| શબ્દ | કોડ |
|---|---|
| પૃથ્વી | આકાશ |
| પાણી | પ્રકાશ |
| પ્રકાશ | હવા |
| હવા | પાણી |
| આકાશ | પૃથ્વી |

∴ તરસ લાગે તો પ્રકાશની માંગણી કરાય

DEMO COPY

**57.** જો રબરને ડબો કહેવાય, ડબાને પેન્સિલ કહેવાય, પેન્સિલને સંચો કહેવાય, સંચાને બેગ કહેવાય, તો બાળક શેનાથી લખશે ? (Accounts Officer, Class-2, Gujarat Accounts Service, Dt. 26-02-2023)

(A) સંચો (B) રબર (C) ડબો (D) પેન્સિલ

**જવાબ : (A) સંચો**

**સમજૂતી :**

| શબ્દ | કોડ |
|---|---|
| રબર | ડબો |
| ડબો | પેન્સિલ |
| પેન્સિલ | સંચો |
| સંચો | બેગ |

અહીં પેન્સિલને સંચો કહેવાય છે

∴ બાળક સંચાથી લખશે.

**58.** જો PINK એ 1691411 તરીકે કોડ થતું હોય, તો RED એ.... તરીકે કોડ થશે. (Accounts Officer, Class-2, Gujarat Accounts Service, Dt. 26-02-2023)

(A) 1963 (B) 1854 (C) 1853 (D) 1954

**જવાબ : (B) 1854**

**સમજૂતી :**

અહીં મૂળાક્ષરોનો આગળથી ક્રમ મુજબ કોડિંગ કરેલ છે.

| P | I | N | K | તેવી જ રીતે | R | E | D |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | | ↓ | ↓ | ↓ |
| 16 | 9 | 14 | 11 | | 18 | 5 | 4 |

∴ RED નો કોડ 1854 થશે.

**59.** કોઈ ચોક્કસ કોડમાં BIGB એ 2972 લખાય, ADO એ 146 લખાય છે. તેજ કોડમાં BINGO કેવી રીતે લખાય ? (Accounts Officer, Class-1, Gujarat Accounts Service, Dt. 05-02-2023)

(A) 29476 (B) 29176

(C) 29576 (D) ઉપર પૈકી એકપણ નહીં

**જવાબ : (C) 29576**

**સમજૂતી :**

અહીં આપેલ મૂળાક્ષરોનો ક્રમનો સરવાળો કરી કોડિંગ કરેલ છે.

| | | |
|---|---|---|
| B | 2 | 2=2 |
| I | 9 | 9=9 |
| G | 7 | 7=7 |
| B | 2 | 2=2 |

| | | |
|---|---|---|
| A | 1 | 1=1 |
| D | 4 | 4=4 |
| O | 15 | 1+5=6 |

તેવી જ રીતે

| | | |
|---|---|---|
| B | 2 | 2=2 |
| I | 9 | 9=9 |
| N | 14 | 1+4=5 |
| G | 7 | 7=7 |
| O | 15 | 1+5=6 |

∴ BINGO નો કોડ 29576 થશે.

**60.** જો સાંકેતિક સૂચિ (Code) માં TRUTH એ SUQSTVSUGI થતું હોય, તો FALSE ની સાંકેતિક સૂચિ (code) .......થશે. (Municipal Accounts Officer, Urban evekionent & Urban Housing Department, Class-2, Dt. 1-1-2023)

(A) EGZBKMRDE (B) EGZKMRTDF

(C) EGZBKMRTDF (D) FGZBKNRTDF

**જવાબ : (C) EGZBKMRTDF**

**સમજૂતી :**

અહીં, મૂળાક્ષરોનું નીચે મુજબ કોડિંગ કરેલ છે.

| | T | | R | | U | | T | | H | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| S | | UQ | | ST | | VS | | UG | | I |

તે રીતે,

| | F | | A | | L | | S | | E | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| E | | GZ | | BK | | MR | | TD | | F |

∴ FALSEનો કોડ EGZBKMRTDF થશે.

**61.** જો LSJXVC એ MUMBAI માટેનો કોડ હોય તો DELHI માટેનો કોડ....... છે. (ICT Officer, Department of Science and Technology Class-2, Dt. 23-01-2023)

(A) CCIDD (B) CDKGH

(C) CCJFG (D) CCIFE

**જવાબ : (A) CCIDD**

**સમજૂતી :**

અહીં મૂળાક્ષરોના ક્રમમાં -1,-2,-3,-4,-5,-6 કરી કોડિંગ કરેલ છે.

| M | U | M | B | A | I | તેવી જ રીતે | D | E | L | H | I |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| -1 | -2 | -3 | -4 | -5 | -6 | | -1 | -2 | -3 | -4 | -5 |
| L | S | J | X | V | C | | C | C | I | D | D |

∴ DELHI નો કોડ CCIDD થશે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સમજૂતી : (A)**




માટે તે ફોટો સંજુનો પોતાનો હશે.

**ઉદાહરણ-03**

બે વ્યક્તિ સાથે ચાલી રહ્યા છે, એક વ્યક્તિએ બીજા વ્યક્તિને કહ્યું કે 'તમે મારા માતા છો, પરંતુ હું તમારી પુત્રી નથી', તો આ બે વ્યક્તિ વચ્ચે કયો સંબંધ હોય ?

(A) માતા અને સાસુ (B) માતા અને પુત્રી

(C) માતા અને સાળી (D) માતા અને પુત્ર

**સમજૂતી : (D)**

એક વ્યક્તિ બીજાને કહે છે કે, તમે મારા માતા છો પરંતુ હું તમારી પુત્રી નથી, મતલબ કે તે પુત્ર છે.

**ઉદાહરણ-04**

રેખા એક સ્ત્રીના ફોટા સામે જોઈને કહે છે કે 'આ સ્ત્રીની માતા મારી માતાની એકમાત્ર પુત્રી છે', તો તે ફોટો કોનો હશે ?

(A) તેની માતાનો (B) તેની બહેનનો

(C) તેની પુત્રીનો (D) તેનો [illegible]નો

**સમજૂતી : (C)**




માટે તે ફોટો તેની પુત્રીનો હશે.

## પ્રકાર 4 સંજ્ઞાવાળા લોહીના સંબંધો

નીચે આપેલ માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપો.

(i) P × Q નો અર્થ P, Q નો ભાઈ છે.

(ii) P ÷ Q નો અર્થ P, Q ની બહેન છે.

(iii) P + Q નો અર્થ P, Q ના પિતા છે.

(iv) P – Q નો અર્થ P, Q ની માતા છે.

**ઉદાહરણ-01**

નીચેનામાંથી કોનો અર્થ M, Wનો દાદા/નાના છે ?

(A) M-J+W (B) M+J×W

(C) M×T+W (D) M+J-W

**સમજૂતી : (D)**




M એ W ના નાના છે એવું વિકલ્પ (D) થી નક્કી થશે.

**ઉદાહરણ-02**

S એ R નો ભત્રીજો છે એવુ કયા વિકલ્પથી નક્કી થશે ?

(A) S×[illegible]÷J-R (B) R÷M-S+T

(C) R-M÷S×T (D) એકપણ નહીં

**સમજૂતી : (D)**

કોઈપણ વિકલ્પથી નક્કી નથી થતું કે S એ Rનો ભત્રીજો છે. તેથી, સાચો વિકલ્પ (D) થશે.

## પ્રકાર 5 લોહીના સંબંધની PUZZLE

નીચેની વિગતોનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો.

એક કુટુંબમાં છ વ્યક્તિઓ P, Q, R, S, T અને U છે. તેમાં બે દંપતી અને બે વિદ્યાર્થી છે, Q એ ડોક્ટર છે તથા T નો પિતા છે, U એ Rના દાદા છે, S એ Tની દાદી છે અને તે ગૃહિણી છે. કુટુંબમાં એક કોન્ટ્રાક્ટર અને એક નર્સ છે.



**ઉદાહરણ-02**

M એ B ની દક્ષિણમાં છે. B એ N ની પશ્ચિમમાં છે. તો N એ M ની કઈ દિશામાં હશે ?

(A) દક્ષિણ (B) પૂર્વ

(C) ઉત્તર–પૂર્વ (D) દક્ષિણ–પૂર્વ

**જવાબ : (C) થશે**

**સમજૂતી :**




માટે N એ M થી ઉત્તર–પૂર્વ દિશામાં હશે.

તેથી, સાચો વિકલ્પ (C) થશે.

## પ્રકાર 3 મુખને આધારે ડાબે કે જમણે વળવાના પ્રશ્નો

આ પ્રકારના પ્રશ્નોમાં વ્યક્તિએ અમુક ચોક્કસ દિશામાં (ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ) ચાલવાની શરૂઆત કરી હશે અને ત્યારબાદ ડાબીબાજુ/જમણીબાજુ વળાંક લીધા હશે અને ત્યારબાદ કહેવામાં આવશે કે હવે વ્યક્તિ કઈ દિશામાં જઈ રહી છે અથવા તેનું મુખ કઈ દિશામાં હશે.

(1) જો કોઈ વ્યક્તિ ઉત્તર તરફ મુખ રાખીને ઊભી હોય અને તે ડાબી બાજુ ફરે તો તેનું મુખ પશ્ચિમ દિશામાં થશે અને જો તે જમણી બાજુ ફરે તો તેનું મુખ પૂર્વ તરફ થશે.

(2) જો કોઈ વ્યક્તિ પૂર્વ તરફ મુખ રાખીને ઊભી હોય અને તે ડાબી બાજુ ફરે તો તેનું મુખ ઉત્તર દિશામાં થશે અને જો તે જમણી બાજુ ફરે તો તેનું મુખ દક્ષિણ દિશામાં થશે.

(3) જો કોઈ વ્યક્તિ દક્ષિણ તરફ મુખ રાખીને ઊભી હોય અને તે ડાબી બાજુ ફરશે તો તેનું મુખ પૂર્વ તરફ થશે અને જો જમણી બાજુ ફરે તો તેનું મુખ પશ્ચિમ તરફ થશે.

(4) જો કોઈ વ્યક્તિ પશ્ચિમ તરફ મુખ રાખીને ઊભી હોય અને તે ડાબી બાજુ ફરે તો તેનું મુખ દક્ષિણ દિશામાં થશે અને જો તે જમણી બાજુ ફરે તો તેનું મુખ ઉત્તર દિશામાં થશે.

**ઉદાહરણ-01**

મહેશ ઉત્તર તરફ 3 KM ચાલે છે ત્યાંથી તે જમણી બાજુ વળીને 8 KM ચાલે છે. ત્યાર બાદ તે ફરી ઉત્તર તરફ 2 KM ચાલે છે. અંતે તે તેની ડાબી તરફ વળીને 8 KM ચાલે છે અને થોભે છે તો તે પોતાના પ્રારંભિક સ્થાનથી કેટલો દૂર હશે ?

(A) 6 KM (B) 7 KM

(C) 8 KM (D) 5 KM

**જવાબ : (D) થશે**

**સમજૂતી :**




**ઉદાહરણ-02**

કવિતા પોતાના ઘરેથી પૂર્વ તરફ ચાલવાનું શરૂ કરે છે. 5મી. ચાલ્યા બાદ ડાબી બાજુ વળે છે, 3મી. ચાલ્યા બાદ જમણી બાજુ વળી 5મી. ચાલે છે, ત્યારબાદ જમણી બાજુ વળી 2મી. ચાલે છે, તો હવે તે કઈ દિશામાં ચાલતી હશે ?

(A) પશ્ચિમ (B) પૂર્વ (C) ઉત્તર (D) દક્ષિણ

**જવાબ : (D) થશે**

**સમજૂતી :**




હવે કવિતા દક્ષિણ દિશામાં ચાલતી હશે, માટે સાચો વિકલ્પ (D) થશે.

**ઉદાહરણ-03**

રામલાલ પોતાના ઘરેથી ચાલવાનું શરૂ કરે છે અને દક્ષિણમાં 15 km ચાલીને બસ સ્ટોપ પર પહોંચે છે. અને ત્યાંથી તે પોતાની ડાબી બાજુ વળે છે અને 8 km સીધો ચાલે છે. ત્યાંથી તે પોતાની ડાબી બાજુ વળે છે અને 15 km ચાલીને પુસ્તકાલયે પહોંચે છે અને ત્યાર બાદ ફરીથી તે પોતાની ડાબી બાજુ વળીને 4 km ચાલે છે અને પોતાની હોસ્ટેલે પહોંચે છે. તો તેના ઘરથી તેની હોસ્ટેલ કેટલી દૂર અને કઈ દિશામાં હશે ?

(A) 7 km દક્ષિણમાં (B) 4 km પશ્ચિમમાં

(C) 12 km ઉત્તરમાં (D) 4 km પૂર્વમાં

DEMO COPY

**સમજૂતી :**




આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે, મિનિટ કાંટો પશ્ચિમ દિશા દર્શાવે છે. તેથી, સાચો વિકલ્પ (B) થશે.

**Q-73.** એક ઘડિયાળમાં 4:30 વાગ્યા છે ત્યારે જો મિનિટ કાંટો પૂર્વ દિશામાં હોય તો કલાક કાંટો કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર–પૂર્વ (B) દક્ષિણ–પૂર્વ

(C) ઉત્તર (D) ઉત્તર–પશ્ચિમ

**જવાબ : (A)**

**સમજૂતી :**




ઘડિયાળમાં 4:30 નો સમય બતાવે, મિનિટ કાંટા સામે પૂર્વ દિશા દર્શાવી ત્યારબાદ ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ઉત્તર દિશા દર્શાવી. જેથી, કલાકનો કાંટો ઉત્તર–પૂર્વ દિશામાં હોય.

**Q-74.** એક ઘડિયાળમાં 4:30 વાગ્યા છે ત્યારે જો મિનિટ કાંટો દક્ષિણ દિશામાં હોય તો કલાક કાંટો કઈ દિશામાં હશે ?

(A) દક્ષિણ–પૂર્વ (B) ઉત્તર–પૂર્વ

(C) ઉત્તર–પશ્ચિમ (D) દક્ષિણ–પશ્ચિમ

**જવાબ : (A)**

**સમજૂતી :**




આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે, કલાક કાંટો દક્ષિણ–પૂર્વ દિશા દર્શાવે છે. તેથી, સાચો વિકલ્પ (A) થશે.

**Q-75.** કોઈ એક ઘડિયાળમાં સવારના 7:30 વાગ્યા છે ત્યારે જો કલાક કાંટો દક્ષિણ–પશ્ચિમ દિશામાં હોય તો 15 મિનિટ પછી મિનિટ કાંટો કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર (B) દક્ષિણ

(C) દક્ષિણ–પશ્ચિમ (D) પશ્ચિમ

**જવાબ : (D)**

**સમજૂતી :**




આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે, મિનિટ કાંટો પશ્ચિમ દિશા દર્શાવે છે. તેથી, સાચો વિકલ્પ (D) થશે.

## અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

**1.** M પૂર્વાભિમુખ ઉભો છે. તે પોતાની જમણી તરફ ફરી 20 મીટર ચાલે છે, પછી પોતાની ડાબી તરફ ફરી પુનઃ 20 મીટર ચાલે છે અને પોતાની જમણી તરફ ફરી પુનઃ 20 મીટર ચાલે છે, ત્યારબાદ ફરીથી પોતાની જમણી તરફ ફરી 40 મીટર ચાલે છે

DEMO COPY

# 08 ક્રમ કસોટી - પરિમાણની તુલના (Ranking Test - Comparison of Dimension)

- **Ranking Arrangement :** આ પ્રકારના પ્રશ્નો અંતર્ગત કેટલીક વસ્તુઓ અથવા વ્યક્તિઓના સમૂહને તેના ગુણ, ક્રમ અથવા પરિણામને આધારે ચઢતા કે ઊતરતા ક્રમમાં ગોઠવવાના હોય છે.

  આ પ્રકારના પ્રશ્નોનો તાર્કિક રીતે સમજી, વિચારી અને પછી સચોટ જવાબ આપવાનો હોય છે. જેમાં ખૂબ જ ચોક્કસાઈની જરૂર હોય છે.
- RANKING એટલે કોઈ વ્યક્તિનું કુલ વ્યક્તિઓના સમૂહમાં સ્થાન.
- આ પ્રકારના પ્રશ્નોમાં કેટલીક શરતો આપવામાં આવે છે. તેને આધારે વ્યક્તિઓની કુલ સંખ્યા, કોઈ ચોક્કસ સમૂહમાં વ્યક્તિનું ઉપરથી, નીચેથી, ડાબી બાજુથી અથવા જમણી બાજુથી સ્થાન શોધવાનું હોય છે.

## પ્રકાર 1 એક વ્યક્તિનો બન્ને બાજુથી ક્રમ સમાન હોય

- આ પ્રકારના પ્રશ્નોમાં ઘણી વખત વ્યક્તિનું ડાબી અને જમણી બાજુથી સ્થાન આપેલુ હોય છે. તેને આધારે આપેલ હરોળમાં કુલ કેટલી સંખ્યા છે તે શોધવામા આવે છે.
- ઘણી વખત હરોળમાં વ્યક્તિઓની કુલ સંખ્યા અને ડાબી અથવા જમણી બાજુથી સ્થાન આપેલું હોય છે. તેને આધારે તે વ્યક્તિનું જમણી અથવા ડાબી બાજુથી સ્થાન શોધવામાં આવે છે.
- આ પ્રકારના પ્રશ્નો ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

**ઉદાહરણ-01**

એક લાઈનમાં નિલેશનો બંને તરફથી 22મો ક્રમ હોય તો લાઈનમાં કુલ કેટલા વ્યક્તિઓ ઊભા હશે ?

(A) 44 (B) 43 (C) 42 (D) 41

**સમજૂતી :**

કુલ સંખ્યા = (ડાબેથી સ્થાન + જમણેથી સ્થાન) - 1

= (22+22) - 1

= (44) - 1

= 43

માટે, લાઈનમાં કુલ 43 વ્યક્તિઓ ઊભા હશે.

માટે, સાચો વિકલ્પ (B) 43 થશે.

## પ્રકાર 2 એક વ્યક્તિનો બન્ને બાજુથી ક્રમ અલગ-અલગ હોય

- કેટલીક વાર વ્યક્તિનું આગળથી અને પાછળથી સ્થાન આપવામાં આવે છે. તેને આધારે આપેલ હરોળમાં વ્યક્તિઓની કુલ સંખ્યા શોધવામાં આવે છે.
- કેટલીક વાર વ્યક્તિઓની કુલ સંખ્યા અને વ્યક્તિનું આગળથી અથવા પાછળથી સ્થાન આપવામાં આવે છે. તેને આધારે તે વ્યક્તિનુ પાછળથી અથવા આગળથી કેટલામું સ્થાન છે તે શોધવામાં આવે છે.

**ઉદાહરણ-01**

જો એક વર્ગમાં રાજેશનો ક્રમ આગળથી 28મો અને પાછળથી 48મો હોય તો આ વર્ગખંડમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 74 (B) 75 (C) 72 (D) 73

**સમજૂતી :**

કુલ સંખ્યા = (આગળથી સ્થાન + પાછળથી સ્થાન) - 1

કુલ સંખ્યા = (28+48) - 1

= 76 - 1

= 75

માટે, વર્ગખંડમાં કુલ 75 વિદ્યાર્થીઓ હશે.

માટે, સાચો વિકલ્પ (B) 75 થશે.

(નોંધ: અહીં રાજેશનો ક્રમ આગળ અને પાછળ બંને બાજુથી ગણેલ છે. જેથી, 1 બાદ કરતાં રાજેશનો ચોક્કસ ક્રમ આગળથી અથવા પાછળની બાજુથી મળે.)

## પ્રકાર 3 કુલ વ્યક્તિ આપેલ હોય ત્યારે કોઈ એક બાજુથી ક્રમ નક્કી કરવો

- કેટલીક વાર વ્યક્તિનું ઉપરથી અને નીચેથી સ્થાન આપવામાં આવે છે. તેને આધારે આપેલ હરોળમાં વ્યક્તિઓની કુલ સંખ્યા શોધવામાં આવે છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 10 ઘડિયાળ (Clock)

➤ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઘડિયાળના પ્રશ્નો પૂછવાનું કારણ પરીક્ષાર્થીની તાર્કિક ક્ષમતા તપાસવાનું હોય છે.

**મહત્ત્વપૂર્ણ તથ્ય**

➤ ઘડિયાળમાં 60 મિનિટ હોય છે.

➤ માટે, 60 મિનિટ = $360^0$ એટલે 1 મિનિટ = $6^0$

➤ ઘડિયાળમાં મિનિટ કાંટો 60 મિનિટ ચાલે ત્યારે કલાક કાંટો 5 મિનિટ ચાલે માટે મિનિટ કાંટો કલાક કાંટા કરતાં 55 મિનિટ વધુ ચાલે છે.

➤ બે કાંટા વચ્ચેનો ખૂણો શોધવાનું સૂત્ર = $\theta = \frac{11}{2}$ M - 30H

➤ જ્યાં $\theta$ = બે કાંટા વચ્ચેનો ખૂણો, H = કલાક, M= મિનિટ

➤ અરીસાનું પ્રતિબિંબ 11:60માંથી આપેલ સમય બાદ કરવાથી મળે છે.

➤ પાણીનું પ્રતિબિંબ 18:30માંથી આપેલ સમય બાદ કરવાથી મળે છે.







| | કલાક કાંટો | મિનિટ કાંટો |
|---|---|---|
| 1 કલાકમાં ગતિ | 12 કલાકમાં $360^0$ ફરે<br>1 કલાકમાં<br>$\frac{360^0}{12} = 30^0$ | 1 મિનિટમાં $6^0$ ફરે<br>60 મિનિટમાં<br>$\frac{60 \times 6^0}{1} = 360^0$ |
| 1 મિનિટમાં ગતિ | 60 મિનિટમાં $30^0$ ફરે<br>1 મિનિટમાં<br>$\frac{30^0}{60} = 0.5^0$ અથવા $\frac{1^0}{2}$ | 60 મિનિટમાં $360^0$ ફરે<br>1 મિનિટમાં<br>$\frac{360^0}{60} = 6^0$ |

કલાક કાંટાના પરિભ્રમણની ડિગ્રીની સમજૂતી




DEMO COPY

## પ્રકાર 1 કલાક અને મિનિટ કાંટાના પ્રશ્નો ડિગ્રીમાં

**ઉદાહરણ-01**

સવારે 5:00 વાગ્યાથી શરૂ કરીને સવારના 8:30 વાગ્યા સુધીમાં કલાક કાંટાએ કેટલું પરિભ્રમણ કર્યુ હશે ?

(A) $95^0$ (B) $105^0$ (C) $120^0$ (D) $115^0$

**સમજૂતી : (B)**

સવારે 5:00 વાગ્યાથી શરૂ કરીને સવારના 8:30 વાગ્યા સુધી એટલે કે 3 કલાક અને 30 મિનિટનો સમયગાળો

$\therefore$ 3 કલાકમાં પરિભ્રમણ = $3 \times 30^0 = 90^0$

$\therefore$ 30 મિનિટમાં પરિભ્રમણ $30 \times \frac{1}{2} = 15^0$

$\therefore$ કુલ પરિભ્રમણ = $90^0 + 15^0 = 105^0$

અથવા

# માહિતીની પર્યાપ્તતા (Data Sufficiency)

➤ માહિતીની પ્રર્યાપ્તતામાં એક પ્રશ્ન આપવામાં આવે છે અને તેની નીચે બે કે ત્રણ કથન આપવામાં આવે છે. આપેલ પ્રશ્નોના જવાબ આપવા માટે કથનો/કથન પૂરતા છે કે નહીં નક્કી કરવાનું હોય છે.

➤ ગાણિતિક ભાગ નફો–ખોટ, સરેરાશ, ટકાવારી, સંખ્યા શ્રેણી, ઉંમર વગેરે મુજબ હશે. તેમજ તાર્કિક અભિયોગ્યતા કોડિંગ –ડિકોડિંગ, દિશા અને અંતર, પદાનુક્રમ અને ગોઠવણી, બેઠક વ્યવસ્થા, ઘડિયાળ અને કૂટ પ્રશ્નોના, લોહીના સંબંધો, કેલેન્ડરના કથન આપેલા હોય છે.

➤ આપેલ પ્રશ્ન માટે બે કથનો આપવામાં આવ્યા હશે. આ કથનો ધ્યાનપૂર્વક વાંચીને નીચે મુજબ સચોટ જવાબ આપવાના રહેશે

(A) આપેલ પ્રશ્નના જવાબ આપવા માટે ફક્ત કથન I પર્યાપ્ત છે.

(B) આપેલ પ્રશ્નના જવાબ આપવા માટે ફક્ત કથન II પર્યાપ્ત છે

(C) આપેલ પ્રશ્નના જવાબ આપવા માટે કથન I અને કથન II બંને જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(D) આપેલ પ્રશ્નોના જવાબ આપવા માટે કથન I અને કથન II બંનેમાંથી એક પણ પર્યાપ્ત નથી.

**ઉદાહરણ**

કોઈ એક સાંકેતિક ભાષામાં 'They like flowers' ને 'nop al ed' દ્વારા દર્શાવાય છે તો 'Flowers' ને સાંકેતિક ભાષામાં કઈ રીતે દર્શાવી શકાય ?

I. 'They are innocent' નો અર્થ 'id in nop'

II. 'We like Roses' નો અર્થ 'gob ots al'

જવાબ : (C)

સમજૂતી :

આપેલ કથન Iમાં 'They' શબ્દનો કોડ nop થાય છે. જ્યારે કથન IIમાં 'like' શબ્દનો કોડ al થાય છે. તેથી બંને કથનો Flowersનો કોડ 'ed' નક્કી કરવા માટે ઉપયોગી છે. તેથી સાચો વિકલ્પ (C) થશે.

## પ્રેક્ટિસ પ્રશ્નો

Q-1. વિમલનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

I. વિમલ હાલમાં તેની માતાથી 25 વર્ષ નાનો છે.

II. વિમલનો ભાઈ, જેનો જન્મ 1964માં થયો હતો, તે તેની માતાથી 35 વર્ષ નાનો છે.

Q-2. M ને કેટલા બાળકો છે ?

I. H એ X ની એકમાત્ર પુત્રી છે જે M ની પત્ની છે.

II. K અને J એ M ના ભાઈ છે.

Q-3. કંપનીનું કુલ વેચાણ કેટલું હતું ?

I. કંપનીએ ઉત્પાદન A ના 8000 એકમોનું વેચાણ કર્યું હતું જેની કિંમત રૂ. 25 છે.

II. આ કંપનીની અન્ય કોઈ પ્રોડક્ટ લાઈન નથી.

Q-4. કોડ ભાષામાં Sky માટે કોડ શું છે ?

I. કોડ ભાષામાં Sky is Clear ને DE RA FA લખવામાં આવે છે.

II. એ જ કોડ ભાષામાં Make it Clear ને DE GA JO લખવામાં આવે છે.

Q-5. બાળકોની પંક્તિમાં P અને Q વચ્ચે કેટલા બાળકો છે ?

I. P એ પંક્તિમાં ડાબી બાજુએથી પંદરમો છે.

II. Q બરાબર મધ્યમાં છે અને તેની જમણી તરફ દસ બાળકો છે.

Q-6. T કેવી રીતે K સાથે સંબંધિત છે ?

I. Rની બહેન J એ Tના ભાઈ L સાથે લગ્ન કર્યા છે. જેઓ તેમના માતા–પિતાનો એકમાત્ર પુત્ર છે.

II. K એ L અને J ની એકમાત્ર પુત્રી છે.

Q-7. J એ P સાથે કેવી રીતે સંબંધિત છે ?

I. M એ P નો ભાઈ છે અને T એ P ની બહેન છે.

II. P ની માતાએ Jના પતિ સાથે લગ્ન કર્યા છે જેને એક પુત્ર અને બે પુત્રીઓ છે.

Q-8. ફેબ્રુઆરી 2004માં અંજલિનો જન્મ મહિનાની કઈ તારીખે થયો હતો ?

I. અંજલિનો જન્મ મહિનાની એકી તારીખે થયો હતો.

DEMO COPY

# 14 સંકેતો અને ચિહ્નો / ગાણિતિક ક્રિયાઓ (Mathemetical Operations)

- આ પ્રકારના પ્રશ્નો અંતર્ગત નિશ્ચિત સંકેતો અથવા ગાણિતિક ચિહ્નો દ્વારા કોઈ સંબંધ પ્રસ્થાપિત કરેલો હોય છે. પ્રત્યેક સંકેત અથવા ચિહ્નોની સ્પષ્ટ સમજણ એ પ્રશ્નના કથનમાં આપવામાં આવે છે.
- આ પ્રકારના પ્રશ્નોમાં ચિહ્નોની અદલા બદલી કરવાની હોય છે અને મળેલા સમીકરણનું સાદુરૂપ આપવામાં આવે છે.
- આ પ્રશ્નો અંતર્ગત BODMASના નિયમનું અનુસરણ કરવામાં આવે છે.

  આ પ્રકરણના પ્રશ્નો Solve કરવા માટે BODMAS નો નિયમ ઉપયોગ કરવો.

| | | |
|---|---|---|
| B | Bracket → | [{()}] |
| O | Of → | ઉપયોગ નહી |
| D | Division → | ભાગાકાર ÷ |
| M | Multiplication → | ગુણાકાર × |
| A | Addition → | સરવાળો + |
| S | Subtraction → | બાદબાકી – |

**નોંધ :** કોઈપણ સંખ્યાનું સાદુરૂપ આપતી વખતે પહેલા Bracketનું સાદુરૂપ આપવું

ત્યારબાદ ભાગાકાર (÷) નું સાદુરૂપ આપવું.

ત્યારબાદ ગુણાકાર (×) નું સાદુરૂપ આપવું.

ત્યારબાદ સરવાળો (+) નું સાદુરૂપ આપવું.

ત્યારબાદ બાદબાકી (–) નું સાદુરૂપ આપવું.

## પ્રકાર 1 ચિહ્નોની અદલા-બદલી

**ઉદાહરણ-01**

જો + નો અર્થ –, – નો અર્થ ×, × નો અર્થ ÷, ÷ નો અર્થ + હોય, તો $15 \times 3 \div 15 + 5 - 2 = ?$

(A) 18 (B) 10 (C) 14 (D) 28

**સમજૂતી : (B)**

$= 15 \times 3 \div 15 + 5 - 2$

$= 15 \div 3 + 15 - 5 \times 2$

$= 5 + 15 - 5 \times 2$

$= 5 + 15 - 10$

$= 20 - 10$

$= 10$

**ઉદાહરણ-02**

જો × નો અર્થ –, ÷ નો અર્થ +, +નો અર્થ × હોય, તો $(16 \times 5) \div 5 + 3 = ?$

(A) 22 (B) 26 (C) 24 (D) 30

**સમજૂતી : (B)**

$= (16 \times 5) \div 5 + 3$

$= (16 - 5) + 5 \times 3$

$= 11 + 5 \times 3$

$= 11 + 15$

$= 26$

**ઉદાહરણ-03**

જો Qનો અર્થ +, Δનો અર્થ ÷, □ નો અર્થ ×, →નો અર્થ –, થતો હોય તો. 11 Q 4 Q 3 Δ 3 → 2 □ 3 = ?

(A) 28 (B) 18 (C) 19 (D) 10

**સમજૂતી : (D)**

= 11 Q 4 Q 3 Δ 3 → 2 □ 3

$= 11 + 4 + 3 \div 3 - 2 \times 3$

$= 11 + 4 + 1 - 2 \times 3$

$= 11 + 4 + 1 - 6$

$= 16 - 6$

$= 10$

**ઉદાહરણ-04**

જો ×નો અર્થ +, ÷નો અર્થ –, –નો અર્થ × અને +નો અર્થ ÷હોય, તો $8 \times 7 - 8 + 40 \div 2 = ?$

(A) $\frac{37}{5}$ (B) -5 (C) 44 (D) 27

**સમજૂતી : (A)**

$8 \times 7 - 8 + 40 \div 2$

$= 8 + 7 \times 8 \div 40 - 2$

$= 8 + 7 \times \frac{1}{5} - 2$

$= 8 + \frac{7}{5} - 2$

$= \frac{37}{5}$

DEMO COPY

142 × 2 + 2 = 286

માટે અજ્ઞાત સંખ્યા 70 થશે.

તેથી, સાચો વિકલ્પ (C) થશે.

## પ્રેક્ટિસ પ્રશ્નો

**Q 1.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 23 (B) 21 (C) 29 (D) 32

**Q 2.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 55 (B) 61 (C) 59 (D) 75

**Q 3.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 165 (B) [illegible] (C) [illegible] (D) [illegible]

**Q 4.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 64 (B) 72 (C) 54 (D) 60

**Q 5.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 225 (B) 811 (C) 216 (D) 512

**Q 6.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 8 (B) 10 (C) 14 (D) 6

**Q 7.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) [illegible] (B) 80 (C) 81 (D) 100

**Q 8.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 33 (B) 34 (C) 32 (D) 36

**Q 9.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 125 (B) 215 (C) 251 (D) 512

**Q 10.** નીચે આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?




(A) 25 (B) 37 (C) 41 (D) 47

DEMO COPY

**Q-9.**

**કથન** G @ H, H $ J, J % K

**નિષ્કર્ષ** I. K ★ G

II. J ★ G

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અને II બન્ને સાચા છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

**Q-10.**

**કથન** N @ M, M $ P, P # T

**નિષ્કર્ષ** I. T # N

II. P ★ N

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અને II બન્ને સાચા છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

નિર્દેશ (11થી 15)

નીચે આપેલ પ્રશ્નોમાં ચિહ્નો ★, #, $, % અને @ નિયમોનુસાર ચોક્કસ અર્થમાં રજૂ કરેલ છે.

'A@B' નો અર્થ 'A એ B થી નાનો છે.'

'A$B' નો અર્થ 'A એ B થી મોટો છે.'

'A#B' નો અર્થ 'A એ B થી નાનો કે સમાન છે.'

'A%B' નો અર્થ 'A એ B થી નાનો કે મોટો નથી.'

'A★B' નો અર્થ 'A એ B થી મોટો કે સમાન છે.'

**Q-11.**

**કથન** E @ U, U % R, R $ F

**નિષ્કર્ષ** I. E $ F

II. E★F

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અને II બન્ને સાચા છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

**Q-12.**

**કથન** P @ W, W★D, D $ J

**નિષ્કર્ષ** I. J @ P

II. J @ W

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અને II બન્ને સાચા છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

**Q-13.**

**કથન** K ★ D, D $ L, L @ J

**નિષ્કર્ષ** I. K $ L

II. K # J

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અને II બન્ને સાચા છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

**Q-14.**

**કથન** H # T, T [illegible] L, L % F

**નિષ્કર્ષ** I. F [illegible]

II. H # [illegible]

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અને II બન્ને સાચા છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

**Q-15.**

**કથન** V $ I, I★M, M # Q

**નિષ્કર્ષ** I. I # Q

II. I★Q

(A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે.

(B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે.

(C) નિષ્કર્ષ I અથવા II સાચું છે.

(D) નિષ્કર્ષ I અને II બન્ને ખોટા છે.

નિર્દેશ (ઉદા. 16થી 20)

નીચે આપેલ પ્રશ્નોમાં ચિહ્નો ©, $, %, # અને @ નિયમોનુસાર ચોક્કસ અર્થમાં રજૂ કરેલ છે.

'P%Q' નો અર્થ 'P એ Q થી મોટો કે સમાન નથી.'

'P@Q' નો અર્થ 'P એ Q થી નાનો કે સમાન નથી.'

'P#Q' નો અર્થ 'P એ Q થી નાનો કે મોટો નથી.'

'P$Q' નો અર્થ 'P એ Q થી નાનો નથી.'

'P©Q' નો અર્થ 'P એ Q થી મોટો નથી.'

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સમજૂતી : (B)**

∴ ચાર પગવાળા પ્રાણી = (પગની કુલ સંખ્યા ÷ 2) − કુલ માથા

= (248 ÷ 2) - 90

= 124 - 90

∴ ચાર પગવાળા પ્રાણી = 34 ગાયો

**Q-22.** અરજણના ખેતર પર, 60 મરઘીઓ ઉપરાંત 50 ભેંસો અને 10 ઘોડા તથા કેટલાક રખેવાળો છે. જો પગની કુલ સંખ્યા માથાની કુલ સંખ્યા કરતા 270 વધુ હોય તો રખેવાળની સંખ્યા શોધો ?

(A) 30 (B) 40 (C) 20 (D) 10

**સમજૂતી : (A)**

∴ સંભાળ રાખનારની સંખ્યા = $X$

∴ પગની કુલ સંખ્યા = $(2\times60) + (4\times50)+(4\times10) +2X$

$= 120 + 200 + 40 + 2X = 360+2X$

∴ માથાની કુલ સંખ્યા = $60 + 50 + 10 + X = 120 + X$

∴ પગની કુલ સંખ્યા = માથાની કુલ સંખ્યા + 270

∴ $360 + 2X = 120 + X + 270$

∴ $2X - X = 120 + 270 - 360$

∴ $X = 30$

∴ તેથી, સંભાળ રાખનારની સંખ્યા = 30

**Q-23.** એક જંગલમાં કેટલાક વાઘ અને બાજ છે. માથાની કુલ સંખ્યા 90 છે અને પગની કુલ સંખ્યા 240 છે. કુલ સંખ્યા શોધો ?

(A) (35, 55) (B) (45, 45)

(C) (40, 50) (D) (30, 60)

**સમજૂતી : (D)**

∴ ચાર પગવાળા પ્રાણી = (કુલ પગ ÷ 2) − કુલ માથા

= (240 ÷ 2) - 90

= 120 - 90

ચાર પગવાળા પ્રાણી = 30 વાઘ

∴ બે પગવાળા પક્ષી = કુલ માથા − ચાર પગવાળા પ્રાણી

= 90 - 30

∴ બે પગવાળા પક્ષી = 60 બાજ

∴ તેથી કુલ સંખ્યા 30 અને 60 થશે.

**Q-24.** ગાય અને મરઘીઓના જૂથમાં, પગની સંખ્યા માથાની સંખ્યા કરતાં બમણી કરતાં 28 વધુ હોય છે. ગાયોની સંખ્યા છે.

(A) 5 (B) 7 (C) 10 (D) 14

**સમજૂતી : (D)**

∴ ગાયની સંખ્યા = x, મરઘીની સંખ્યા = y

∴ પગની સંખ્યા = 2 (માથાની સંખ્યા) + 28

∴ $4x + 2y = 2 (x+y) + 28$

∴ $4x + 2y = 2x + 2y + 28$

∴ $4x + 2y - 2x - 2y = 28$

∴ $2x = 28$

∴ $x = 14$

∴ તેથી, ગાયની સંખ્યા 14 થશે.

**Q-25.** જો ગધેડા અને મનુષ્યોના 18 માથા અને 48 પગ હોય, તો અનુક્રમે મનુષ્ય અને ગધેડાની સંખ્યા શોધો.

(A) 12,8 (B) 10,8 (C) 11,7 (D) 12,6

**સમજૂતી : (D)**

∴ ચાર પગવાળા પ્રાણી = (પગની કુલ સંખ્યા ÷ 2) − કુલ માથા

= (48 ÷ 2) - 18

= 24 - 18

ચાર પગવાળા પ્રાણી = 6 ગધેડા

કુલ 18 માથા = 6 ગધેડાના માથા + 12 મનુષ્યના માથા

# પઝલ / કોયડાઓ (PUZZLE)

- આ પ્રકરણમાં પ્રશ્નો ઉકેલવા ફકરામાં માહિતી આપેલ હશે. જે માહિતી સરળ અથવા જટિલ હોય છે. પ્રશ્નમાં જે માહિતી આપેલી હોય તેને ફકરામાંથી કોષ્ટક સ્વરૂપે ગોઠવી પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. આ પ્રકરણમાં 5 પ્રશ્નોનો એક પ્રશ્ન પૂછવામાં આવે છે. જેના ઉદાહરણો નીચે મુજબ છે.

**ઉદાહરણ-01**

(પ્રશ્નો 1થી 5) નીચેની માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપો.

